Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com

NAVSARI AGRICULTURAL UNIVERSITY

India Meteorological Department

(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)

DATE OF ISSUE: 26/09/2023

Agromet Advisory Bulletin No: 51/2023 - 2024

-- Navsari District --

Weather summary of preceding week 22 September to 26 September - 2023

Sr. No.	Name of Weather Parameters	Value
1.	Range of Rainfall (mm)	0.0-73.0
2.	Range of Maximum Temperature (°C)	30.0-34.0
3.	Range of Minimum Temperature (°C)	23.1-25.0
4.	Range of Relative Humidity (%)	75-100
5.	Range of Wind Speed (km/hrs)	0.3-2.3
6.	Range of Cloud Cover (Okta)	5-8
7.	Range of bright sunshine hours (hrs)	1.9-6.7
8.	Last five days cumulative rainfall (mm)	113.0
	Total Rainfall (mm)	**1761.0**

IMD based Weather forecast for 27 September to 01 October - 2023

Sr. No.	Weathers Parameters	Day - 1 (27/09)	Day - 2 (28/09)	Day - 3 (29/09)	Day - 4 (30/09)	Day - 5 (01/10)
1.	Rainfall (mm)	10	10	8	8	0
2.	Maximum temperature (°C)	32	33	33	34	34
3.	Minimum Temperature (°C)	27	27	27	28	27
4.	Max. Relative Humidity (%)	93	91	90	87	88
5.	Min. Relative Humidity (%)	73	69	67	66	66
6.	Wind Speed (km/hr.)	9	8	10	10	11
7.	Wind Direction (Compass point)	216	208	243	248	210
8.	Total Cloud Cover (Okta)	6	6	7	4	4

Weather Summary/ Alert	• As per IMD weather forecasts over the next five days, the sky will be cloudy and there are chances of light rainfall. • The Maximum temperature is 32 °C to 34 °C, when the Minimum temperature is 27 °C to 28 °C likely to be around. • The humidity in the air is likely to be between 66 and 93 percent. • The wind direction will be South-West with an average speed of 8 to 11 km/h. • As per Extended range forecast, possibility of Above Normal rainfall and maximum and minimum temperature likely to normal up to 07th October, 2023.

-:: South Gujarat Heavy Rainfall Zone ::-

General Advisory	• Wind speed is high >15 kmph, so avoid spraying of pesticide. • Provide mechanical support to horticultural and vegetable crops during forecast of high wind velocity. • Undertake interculturing, weeding, thinning, gap filling, etc operations at vapsa condition in sown kharif crops. • Remove weeds from the fields and use them for mulching to avoid water loss. • Provide shade to newly planted/young plants of mango and apply mulch around the stem. • Farmers are advised to do the spraying chemical and fertilizer application activity as per the weather condition • Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application: Android users: **https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot** IOS users:**https://apps.apple.com/in/app/meghdoot/id1474048155** • Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application. Android users: **https://play.google.com/store/apps/details?id=com.lightening.live.damini** IOS users:**https://apps.apple.com/app/id1502385645**



NAVSARI AGRICULTURAL UNIVERSITY

Crop	Weather based Agro-Advisory
Sugarcane	• In seed plot add Nitrogen (50 kg/ha.) Before one month of seed cutting. • Prop the sugarcanes with strong bamboos or by tying together the canes in clump to protect against rain. • Drain stagnant water from the field for management of sugarcane whitefly. **Land preparation for new planting:** • New plantation of sugarcane crop should be done after proper preparation of land at proper moisture condition. Deep plough and level the soil. • Planting should be done from October to February. • Apply FYM/ Compost at the time of ploughing. Select healthy, diseases-insect free and immature seed materials of your selected variety. • Planting should be done at the spacing of 90 to 120 cm. 2 budded setts should be used with end to end method of planting after setts treatment with fungicide (*Carbendazim 50 wp* @ 1g/1 lit. water). If settling use intra row spacing should be 45 to 60 cm. • Within 3 days after planting and irrigation, spraying of *Atrazine* 50 WP 80 g/10 li. water. Pre-emergence weedicide should be applied to control weeds in clear weather conditions. • Application of *Trichoderma viride* in rich sugarcane pressmed @ 8 ton/ha at time of planting.
***Kharif* Paddy**	**Flowering stage/Grain filling:** • Keep 2-3 cm standing water in field.

	after transplanting – 20 kg/ha. • Drain the water from the field one day before the application of fertilizer. • Keep field weed free by hand weeding and interculturing with paddy weeder up to 45 days after transplanting. • Spraying of *Propiconazole* 25EC @ 15ml/10 lit for management of Blast of rice under clear weather condition. • For the effective management of rice sheath mite, spray *Fenpyroximate* 5 SC @ 10 ml. or *Chlrofenpyr* 10 SC @ 15 ml. or *Spiromecifen* 240 SC @ 5 ml. per 10 Lit. of water with proper coverage of sheath of paddy plant under clear weather condition.
Okra	• Drain out excess rain water from standing crop field. • Special care should be taken that enough water should be supplied during the period of harvesting. • Spraying of *Propargite* 57 EC @ 20 ml./10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition. • Spraying of *Hexaconozole* 5 EC @ 10 ml. or *Carbendazim* 50 WP 5 g. per 10 Lit. of water for control of leaf spot disease under clear weather condition.
Brinjal	• Transplanting should be carried out when the seedlings are 28-30 days old.
Tomato	• Transplanting should be carried out when the seedlings are 25-30 days old.
Chilli	• Seedlings of chilli become suitable for transplanting in about 35 to 40 days.
Pointed gourd	• Harvesting should be carried out as per maturity.
Little gourd	• Harvesting should be carried out as per maturity.
Elephant foot yam	• Take measures for weed control.
Greater yam	• Take measures for weed control.
Tannia	• Take measures for weed control. • Harvest the tender leaves of Tannia for making "*paatra*".
Mango	**General Advise :** • Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation. • Provide support to the young plants of mango to protect against rain and high wind speed. • Die back disease: Pruning of infected branches, apply 10 % Bordeaux paste and spraying *Carbendazim* 50 wp, 10gm/10 lit water. • Provide shade to newly planted/young plants of mango and apply mulch around the stem.
Sapota	**General Advise :** • Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition.
Livestock	➢ **General Advise :** ➢ For the control of tock and other parasites, spray *Deltemethrin* or *Aemitaz* 2 ml in 1 liter of water. ➢ During heavy rainfall, give sufficient slop on the floor of animal shed to avoid water logging. ➢ Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity. ➢ Don't keep the animal under tree when there is heavy lightning during rain. ➢ Spray phenyl in the animal shed to avoid flies and mosquitoes. ➢ To protect the animals from electric current when it is raining, keep away from appliances like poles, power boxes and broken wires where the current is on.
Forestry	**Plantations :** • Weeding and cleaning should be done during first and second year plantations. • For new plantation pits must be prepared.
Fisheries	**General Advise:**

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AAU Navsari

	• Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable. • Increase water depth and maintain water level through pond outlet. • Mixing the top and bottom water by using the aerators or pumps.

❖ **Members of Agro-Advisory Committee :**

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. L. V. Ghetiya, Associate Professor (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology):
- Dr. C. G. Intwala, Research Scientist (Vegetable Science)
- Dr. Y. N. Tandel, Associate Professor (Fruit Science)
- Dr. V. R. Patel, Assistant Professor (Animal Husbandry)
- Dr. Dileswar Nayak, Assistant Professor (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. P. K. Parmar, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS))

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા
કૃષિ હવામાનશાસ્ત્ર સેલ
નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય
નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત
ઇ-મેઈલ:- aasnavsari@gmail.com

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ

(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)

તા. ૨૬/૦૯/૨૦૨૩

કૃષિ હવામાન બુલેટીન નં : ૫૧/ ૨૦૨૩ - ૨૦૨૪

-- નવસારી જિલ્લો --

પાછળનાં સમયનું હવામાન (તા. ૨૨ સપ્ટેમ્બર થી ૨૬ સપ્ટેમ્બર - ૨૦૨૩)

અનું. નં.	હવામાન પરિબળો	Value
૧.	વરસાદની શ્રેણી (મી.મી.)	૦.૦-૭૩.૦
૨.	મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.)	૩૦.૦-૩૪.૦
૩.	લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.)	૨૩.૧-૨૫.૦
૪.	ભેજની શ્રેણી (%)	૭૫-૧૦૦
૫.	પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક)	૦.૩-૨.૩
૬.	વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા)	૫-૮
૭.	સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક)	૧.૯-૬.૭
૮.	પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.)	૧૧૩.૦
	કુલ વરસાદ	**૧૭૬૧.૦**

આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા ૨૭ સપ્ટેમ્બર થી ૦૧ ઓક્ટોબર - ૨૦૨૩)

અનું. નં.	હવામાન પરિબળો	દિવસ-૧ (૨૭/૦૯)	દિવસ-૨ (૨૮/૦૯)	દિવસ-૩ (૨૯/૦૯)	દિવસ-૪ (૩૦/૦૯)	દિવસ-૫ (૦૧/૧૦)
૧.	વરસાદ (મી.મી.)	૧૦	૧૦	૮	૮	૦
૨.	મહત્તમ તાપમાન (સે.ગ્રે.)	૩૨	૩૩	૩૩	૩૪	૩૪
૩.	લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.)	૨૭	૨૭	૨૭	૨૮	૨૭
૪.	મહત્તમ ભેજ (%)	૯૩	૯૧	૯૦	૮૭	૮૮
૫.	લઘુત્તમ ભેજ (%)	૭૩	૬૯	૬૭	૬૬	૬૬
૬.	પવનની ગતિ (કિ.મી./કલાક)	૯	૮	૧૦	૧૦	૧૧
૭.	પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ)	૨૧૬	૨૦૮	૨૪૩	૨૪૮	૨૧૦
૮.	વાદળની સ્થિતિ (ઓકટા)	૬	૬	૭	૪	૪

હવામાન સારાંશ / ચેતવણી	• આઈ. એમ. ડી., દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ વાદળછાયું રહેશે અને હળવા વરસાદ પડવાની સંભાવના છે. • મહત્તમ તાપમાન ૩૨ સે. થી ૩૪ સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ સે. ૨૮ સે. આસપાસ હોવાની સંભાવના છે. • હવામાં ભેજનું પ્રમાણ ૬૬ થી ૯૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. • પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ રહેશે જેની સરેરાશ ગતિ ૮ થી ૧૧ કિ.મી./કલાક રહેવાની શક્યતા છે. • વિસ્તૃત રેન્જની આગાહી મુજબ, ૦૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી સામાન્યથી ઉપર વરસાદ પડવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે.

-:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::-

સામાન્ય સલાહ	• જો પવનની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાક કરતાં વધુ હોય તો ખેતરમાં કેમિકલ જેવાકે પેસ્ટિસાઈડ નો છંટકાવ ન કરવો. • ખેડુતોને ખેતરની વિવિધ પ્રવૃતિઓ હવામાનની સ્થિતિ મુજબ કરવાની સલાહ આપવામાં આવે છે. • ખેડુતોએ ખાતર આપવાની અને દવાનો છંટકાવ કરવાની કામગિરી હવામાનની સ્થિતિ મુજબ કરવાની સલાહ આપવામાં આવે છે. • વાવણી કરેલ ચોમાસુ પાકોમાં આંતરખેડ, નીંદામણ, પારવણી, ખલાપુરવા વગેરે જેવા ખેતીકાર્યો વરાપ થયે કરવા. • વધુ ઝડપી પવન અને ભારે વરસાદની સામે રક્ષણ માટે ઊભા બાગાયતી અને શાકભાજી પાકોની જાળવણી માટે લાકડાના અથવા વાંસ વડે યાંત્રિક ટેકા આપવો. • ખેતરોમાંથી નીંદણ દૂર કરો અને પાણીની ખોટ ટાળવા માટે તેમને લીલા ઘાસ માટે વાપરો. • કેરીના નવા વાવેલા/યુવાન છોડને છાંયો આપો અને દાંડીની આસપાસ લીલા ઘાસ નાખો. • કૃષિ હવામાન સલાહકારી બુલેટીન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઈલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/in/app/meghdoot/id1474048155 • દામિની મોબાઈલ એપ્લીકેશનદ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવે છે. આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે. દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ: https://play.google.com/store/apps/details?id=com.lightening.live.damini આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/app/id1502385645
	
પાક	**હવામાન આધારિત કૃષિ સલાહ**
શેરડી	• શેરડીની રોપણી માટે બીજ પ્લોટ બનાવેલ હોય તો બીજ માટે શેરડી કાપવાની હોય તેના એક માસ પહેલા ૫૦ કિગ્રા / હે. નાઈટ્રોજન ખાતર આપવું. • શેરડીની સફેદમાખીના નિયંત્રણ માટે ખેતરમાં ભરાયેલ પાણીનો નિકાલ કરવો. **નવી રોપણી માટે જમીન તૈયારી:** • શેરડીની નવી રોપણી માટે યોગ્ય ભેજની પરિસ્થિતિમાં જમીન તૈયાર કરવી. • શેરડીની રોપણી ઓક્ટોબર-ફેબ્રુઆરી માસ દરમ્યાન કરવી. • ખેડ વખતે ખાતર/કમ્પોસ્ટ જમીનમાં ભેળવવું. • રોપણી પહેલા પાયાનું ખાતર આપવું. • રોપણી માટે કુમળુ અને તંદુરસ્ત તમારી પસંદગીની જાતનું બિયારણ વાપરવું. રોપણી માટે બે લાઈન વચ્ચે ૯૦ થી ૧૨૦ સેમી. અંતર રાખી બે આંખના કટકાને બીજમાવજત આપી (*કાર્બેન્ડાઝિમ* ૫૦ ડબલ્યુ પી ૧ ગ્રા./૧ લીટર પાણી) એક પછી એક કટકા ચાસમાં રહે તે રીતે રોપણી કરવી. એક આંખના રોપનું વાવેતર કરવાનું હોય તો લાઈનમાં બે રોપા વચ્ચે ૪૫ થી ૬૦ સેમી. અંતર રાખી રોપણી કરવી. • રોપણી બાદ પિયત આપી ૩ દિવસમાં *એટ્રાઝીન* ૫૦ ડબલ્યુ પી પ્રી ઈમરજન્સ ૮૦ ગ્રામ./૧૦ લી. પાણી નીંદણનાશક નો છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો. • રોપણી સમયે શેરડીમાં *ટ્રાઈકોડર્મા વિરાઈડનો* ઉપયોગ કરવો.
ચોમાસુ ડાંગર	**ફૂલ / દાણા ભરાવા અવસ્થા:** • ક્યારીમાં ૨-૩ સે. મી. જેટલું પાણી ભરી રાખવું. • ભલામણ મુજબ નાઈટ્રોજન ખાતરના હપ્તા સમયસર આપવાં. પ્રથમ હપ્તો ફેરરોપણીના ૨૦-૨૫ દિવસે અને બીજો હપ્તો ફેરરોપણીના ૪૦-૪૫ દિવસે આપવો. • નાઈટ્રોજન ખાતર આપતા પહેલા આગલા દિવસે ક્યારીમાંથી પાણી નિતારી દેવું.

	વીડરથી આંતરખેડ કરવી. • ચોમાસુ ડાંગરના ટપકા દેખાય તો *પ્રોપીકોનાઝોલ* ૨૫ ઈસી ૧૫ મિલી./૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. • ડાંગરની આવર્તક પર્ણતલની કથીરીના અસરકારક નિયંત્રણ માટે *ફેનપાયરોક્ઝીમેટ* ૫ એસ સી, ૧૦ મિલી અથવા *ક્લોરેફેનપાયર* ૧૦ એસ સી ૧૫ મિલી અથવા *સ્પાયરોમેસીફેન* ૨૪૦ એસ સી ૫ મિલી દવા પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને આવર્તક પર્ણતલ અને પોલા/થૂમડાં ભીંજાય તે રીતે છંટકાવ કરવો.
ભીંડા	• ખેતરમાંથી વરસાદનું વધારાના પાણીના નિકાલ કરવી. • ભીંડામાં શીંગોની વીણી ચાલુ હોય ત્યારે પિયતની ખેંચ ન વર્તાય તેનું ખાસ ધ્યાન રાખવું. • ભીંડામાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાકવીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો. • ભીંડામાં પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ એસિ ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રામ પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.
રીંગણ	• ધરૂ ૨૮-૩૦ દિવસનું થાય ત્યારે ફેરરોપણી કરવી.
ટામેટા	• ધરૂ ૨૮-૩૦ દિવસનું થાય ત્યારે ફેરરોપણી કરવી.
મરચી	• મરચીનું ધરૂ લગભગ ૩૫ થી ૪૦ દિવસે રોપવા લાયક બને છે.
પરવળ	• ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.
ટિંડોળા	• ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.
સુરણ	• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.
રતાળુ	• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.
તાનિયા	• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા. • "પાતરા" નામની વાનગી બનાવવા માટે કુમળા પાનની વીણી શરુ કરી દેવી જોઈએ.
આંબા	**સામાન્ય સલાહ :** • આંબા નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ. • ડાળીનો સુકારો : રોગીષ્ટ ડાળીઓ કાપી, કપાયેલા ભાગ પર ૧૦ ટકા બોરેક્સ પેસ્ટ લગાડવુ તેમજ કાર્બેન્ડાઝિમ ૫૦ ડબલ્યુ પી ૧૦ ગ્રા. પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો • આંબાનાં નાના રોપાની જાળવણી માટે યાંત્રિક ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે. • કેરીના નવા વાવેલા/યુવાન છોડને છાંયો આપો અને દાંડીની આસપાસ લીલા ઘાસ નાખો.
ચીકુ	**સામાન્ય સલાહ :** • બીજા વિભાજનમાં ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા. અથવા યુરિયા ૦.૬ કિગ્રા., સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા., મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા., છાણિયુ ખાતર ૨૫ કિગ્રા. આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું.
પશુપાલન	**સામાન્ય સલાહ :** • પશુઓનાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો). • અતિ ભારે વરસાદના સમય પશુઓના રહેઠાણમાં વરસાદી પાણીનો ભરાવો ના થાય તે પ્રમાણે કોઢ/ગમાણના ભોયાતળિયાનો ઢોળાવ અપાવો. • કોઢ/ગમાણની ઉચાઈ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઈ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે. • સતત પુષ્કળ વરસાદમાં નાના વાછરડા-પાડીયા કે અન્ય પુખ્ત પશુ સતત લાંબા સમય સુધી ભીંજાય નહિ તે માટે તાડપત્રી/પતરાનો શેડ કે પાકી ગમાણ હેઠળ રાખવા. • માખી મચ્છર થી રક્ષણ માટે પશુઓના રહેઠાણ ચોખ્ખાં રાખવા તેમજ પશુ રહેઠાણમાં ફીનાઈલ છાંટવું. • ખુબ વીજળી અને વરસાદના સમયે પશુ વૃક્ષ નીચે બાંધવા નહિ.
વનીકરણ	**કૃષિ વનીકરણ : વાવેતર :** • પ્રથમ બને બીજા વર્ષના વાવેતર દરમ્યાનમાં નિંદણ અને સફાય કરવી જોઈએ. • નવા વાવેતર માટે ખાડાઓ તૈયાર કરવા જોઈએ.

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

ફીશરીઝ	**સામાન્ય સલાહ :** • મીઠા પાણીના મત્સય મીઠા પાણીના જીંગા ઉત્પાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે, આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે. • તળાવમાં પાણીનું લેવલ જાળવવું અને વધુ વરસાદ આવે ત્યારે તળાવના આઉટલેટ થોડી માત્રામાં ખોલવા તેથી પાણીનું લેવલ જળવાયેલું રહે. • તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા.

❖ **એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :**

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. એલ. વી. ઘેટીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર) :
- ડૉ. સી. જી. ઈટવાલા, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી વિજ્ઞાન)
- ડૉ. વાય. એન. ટંડેલ, સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. વી. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (પશુપાલન)
- ડૉ. દિલેશ્વર નાયક, મદદનીશ પ્રાધ્યાપક (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)
- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. પી. કે. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

વિગત	તારીખ	ડાંગ	નવસારી	વલસાડ
વરસાદ (.મી.મી)	૨૭/૦૯/૨૦૨૩	૧૦	૧૦	૧૦
	૨૮/૦૯/૨૦૨૩	૮	૧૦	૮
	૨૯/૦૯/૨૦૨૩	૮	૮	૮
	૩૦/૦૯/૨૦૨૩	૭	૮	૮
	૦૧/૧૦/૨૦૨૩	૦	૦	૦
મહત્તમ તાપમાન (.ગ્રે.સે)	૨૭/૦૯/૨૦૨૩	૩૨	૩૨	૩૨
	૨૮/૦૯/૨૦૨૩	૩૩	૩૩	૩૩
	૨૯/૦૯/૨૦૨૩	૩૩	૩૩	૩૩
	૩૦/૦૯/૨૦૨૩	૩૪	૩૪	૩૪
	૦૧/૧૦/૨૦૨૩	૩૪	૩૪	૩૪
લઘુત્તમ તાપમાન (.ગ્રે.સે)	૨૭/૦૯/૨૦૨૩	૨૭	૨૭	૨૭
	૨૮/૦૯/૨૦૨૩	૨૭	૨૭	૨૭
	૨૯/૦૯/૨૦૨૩	૨૭	૨૭	૨૭
	૩૦/૦૯/૨૦૨૩	૨૮	૨૮	૨૮
	૦૧/૧૦/૨૦૨૩	૨૭	૨૭	૨૭
મહત્તમ ભેજ (%)	૨૭/૦૯/૨૦૨૩	૯૬	૯૩	૯૩
	૨૮/૦૯/૨૦૨૩	૯૫	૯૧	૯૨
	૨૯/૦૯/૨૦૨૩	૯૬	૯૦	૯૨
	૩૦/૦૯/૨૦૨૩	૯૫	૮૭	૯૦
	૦૧/૧૦/૨૦૨૩	૯૫	૮૮	૯૦
લઘુત્તમ ભેજ (%)	૨૭/૦૯/૨૦૨૩	૬૯	૭૩	૭૪
	૨૮/૦૯/૨૦૨૩	૭૭	૬૯	૭૫
	૨૯/૦૯/૨૦૨૩	૬૨	૬૭	૭૬
	૩૦/૦૯/૨૦૨૩	૬૦	૬૬	૬૯
	૦૧/૧૦/૨૦૨૩	૬૬	૬૬	૭૦
પવનની ગતિ(કિ.મી./કલાક)	૨૭/૦૯/૨૦૨૩	૬	૯	૭
	૨૮/૦૯/૨૦૨૩	૫	૮	૭
	૨૯/૦૯/૨૦૨૩	૭	૧૦	૭
	૩૦/૦૯/૨૦૨૩	૮	૧૦	૯
	૦૧/૧૦/૨૦૨૩	૯	૧૧	૯
પવનની દિશા કમ્પાસ) (પોઈન્ટ	૨૭/૦૯/૨૦૨૩	W	SW	SW
	૨૮/૦૯/૨૦૨૩	W	SW	SW
	૨૯/૦૯/૨૦૨૩	SW	SW	SW
	૩૦/૦૯/૨૦૨૩	W	W	W
	૦૧/૧૦/૨૦૨૩	SW	SW	SW
વાદળની સ્થિતિ (ઓકટા)	૨૭/૦૯/૨૦૨૩	૬	૬	૬
	૨૮/૦૯/૨૦૨૩	૬	૬	૬
	૨૯/૦૯/૨૦૨૩	૬	૭	૫
	૩૦/૦૯/૨૦૨૩	૪	૪	૪
	૦૧/૧૦/૨૦૨૩	૪	૪	૪

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari